# "કૃષિમાં યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવક વધારવાના ઉપાયોગ" વિષય પર ઓનલાઇન ખેડૂત તાલીમ કાર્યક્રમ

---

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે "એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ" પ્રોજેક્ટ અંતર્ગત, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ અને KISAN ના સંયુકત ઉપક્રમે "કૃષિમાં યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવક વધારવાના ઉપાયોગ" વિષય પર તારીખ ૨૩/૧૧/૨૦૨૦ ના રોજ ઓનલાઇન ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજયો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખા અધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા, ડૉ. પંકજ ગુપ્તા સાહેબ, પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ., કોલેજના વિવિધ વિભાગના વિભાગીય વડાશ્રીઓ, ડૉ. કે. એલ. ડાભી અને આર. સી. સાળુંખે, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તેમજ તાલીમ કાર્યક્રમમાં ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૪૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા.

ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખા અધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા ખેડૂત તાલીમાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં ફાર્મ મશીનરીનું મહત્વ અને જુદી જુદી સરકારી ફાર્મ મશીનરી સાધનો ને લગતી સહાય વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા સદર યોજનાના ફાર્મ મશીનરી અને પાવર હેતુઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. પંકજ ગુપ્તા, પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ દ્વારા "જુદા જુદા પાકોની કાપણી માટેના આધુનિક સાધનોનો પરિચય તથા ઉપયોગ", ડૉ. આર. સી. સાળુંખે, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ દ્વારા "આંતરખેડ, કાપણી અને લણણી માટેના આધુનિક સાધનો" વિષે અને ડૉ. કે. એલ. ડાભી ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ દ્વારા "ખેડ અને વાવણી માટેના આધુનિક સાધનો" વિષય પર વ્યાખ્યાન અને ઉપયોગીતની વિસ્તૃત માહિતી આપી હતી.

















તાલીમના અંતે ડૉ. આર. સી. સાળુંખે, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ અને સદર યોજનાના કૉ.પી. આઈ.દ્વારા આમંત્રિત મહેમાનો, KISAN ના જુદા જુદા પદાધિકારીઓનો અને ખેડૂતો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.